# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-08-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## સ્વાતંત્ર્ય પર્વ-1 રાષ્ટ્ર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે દિલ્હીમાં લાલકિલ્લાની પ્રાચિરથી દેશવાસીઓને સંબોધિત કર્યા. શરૂઆતમાં તેમણે કહ્યું, સ્વતંત્રતાનું આ પર્વ 140 કરોડ લોકોના સંકલ્પનું પર્વ છે. તેમણે દેશને દિશા અને માર્ગ બતાવનારા બંધારણના ઘડવૈયાઓને નમન કર્યું. શ્રી મોદીએ કહ્યું, 15 ઑગસ્ટે લાલ કિલ્લાની પ્રાચિરથી ઑપરેશન સિંદૂરના વીર જવાનોને સલામી આપવાની તેમને તક મળી છે.

--------------------------------------------------------------------------------------------

## સ્વાતંત્ર્ય પર્વ-2 રાજ્ય

ઐતિહાસિક શહેર પોરબંદરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 79મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી, શ્રી પટેલે દેશભક્તિના ઉત્સાહ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે શહેરી વિકાસ વર્ષમાં નાના નગરોના પણ સુનિયોજિત વિકાસ માટે 100થી વધુ ટાઉન પ્લાનિંગ એટલે કે, નગર આયોજનની યોજના મંજૂર કરવાની જાહેરાત કરી. એક લાખ સુધીની વસતિ ધરાવતા 55 નગરો માટે GIS આધારિત વિકાસ આયોજન તૈયાર કરાશે. આ પ્રસંગે શ્રી પટેલે દેશની આઝાદી માટે શહીદ થયેલા લોકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને વંદન કર્યા.

--------------------------------------------------------------------------------------------

## સ્વાતંત્ર્ય પર્વ-3 કચ્છ

કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉના SRPF ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ધ્વજવંદન કર્યું હતું. કલેક્ટરએ પોલીસ અને હોમગાર્ડ પરેડનું નિરીક્ષણ કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

કચ્છ જિલ્લા કલેક્ટરે આનંદ પટેલે સ્વાતંત્ર્ય પર્વ કાર્યક્રમમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આપણને પ્રાપ્ત થયેલી આઝાદી ખૂબ જ અમૂલ્ય છે. વિશિષ્ટ કામગીરી અને સિદ્ધિઓ હાંસલ કરનારા સરકારના કર્મયોગી, વિદ્યાર્થીઓ અને નાગરિકોનું આ પ્રસંગે સન્માન કરાયું

ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છ જિલ્લાના નાગરિકોએ ભારતીય સેના અને જિલ્લા વહીવટીતંત્રને આપેલા સહકારને તેઓએ બિરદાવ્યો હતો.

(બાઇટ : જિલ્લા કલેકટર)

---

## કચ્છ : શિતળા સાતમ મેળો

આજે શિતળા સાતમના પર્વ સાથે ભુજમાં પરંપરાગત રીતે યોજાતા લોક મેળાનો પ્રારંભ થયો છે. બે દિવસના મેળામાં આ વખતે આજથી ત્રણ દિવસ જાહેર રજા હોવાથી મેળો માણવા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. હમીરસરને કિનારે યોજાતા મેળામાં 200 જેટલા સ્ટોલ ગોઠવાયા છે. કેટલીક સામાજિક સંસ્થાઓ એ સ્ટોલ ઊભા કર્યા છે. આજે શિતળા સાતમ નિમિત્તે ભુજ માંડવી અને અન્ય સ્થળોએ શિતળા માતાના સ્થાનકે ભાવિકોની ભીડ જામી હતી.

---

## રાજ્ય : ગૃહરાજ્યમંત્રી : સાયબર ક્રાઇમ યુનિટ

ગુજરાતમાં દેશનું પ્રથમ સાયબર ક્રાઇમ યુનિટ બનશે તેવી આજે 79 મા સ્વાતંત્ર્ય પર્વે રાજયના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી. આ યુનિટ માટે અંખદાજપત્રમાં રૂપિયા 500 કરોડની ફાળવણી કરવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

---

## કચ્છ : એસટી : તહેવારો ધસારો

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-ભુજ દ્વારા શ્રાવણ તહેવારનો અઠવાડિયા દરમિયાન પ્રવાસીઓના ધરાસાને ધ્યાને લઇ નિયમિત તેમજ જરૂરિયાત મુજબ વધારાની ખાસ બસ ટ્રીપ્સનું સંચાલન કરી રૂ.86 લાખથી વધુની આવક કરવામાં આવી હતી. 42 હજારથી વધુ મુસાફરોએ એસટીની સેવાનો લાભ લીધો હતો. તેમ વિભાગીય નિયામક એસટીની એક યાદીમાં જણાવાયું હતું.

---

## ભુજ : જન્માષ્ટમી શોભાયાત્રા

વિશ્વ હિન્દુ પરિષદ ભુજ દ્વારા આવતીકાલે જન્માષ્ટમી પર્વ તેમજ વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપના દિન નિમિત્તે જિલ્લામથક ભુજ ખાતે વિશાળ શોભાયાત્રાનું તેમજ મટકી ફોડ કાર્યક્રમોનું આયોજન આવ્યું છે. આ શોભાયાત્રાને કચ્છ-મોરબી સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓ દ્વારા પ્રસ્થાન કરાવાશે.

---

## કચ્છ : ગાંધી કચ્છ યાત્રા શતાબ્દી : પદયાત્રા

મહાત્મા ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દીની ઉજવણી અંતર્ગત આગામી તારીખ 18 થી 24 દિવસ સુધી કુલ 250 કિલોમટરની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ 35 થી વધુ યુવાનો જોડાશે. તેમ શતાબ્દી સમિતિના કન્વીનર રમેશ સંઘવીએ જણાવ્યું હતું.

---

## કચ્છ : અબડાસા : કન્ટેનર

જિલ્લાના અબડાસા તાલુકાના દરિયાકાંઠે ગુરુવારે અલગ અલગ જગ્યાએ ત્રણ જેટલા કન્ટેનર તણાઇ આવ્યા હતા. કસ્ટમ, કોસ્ટગાર્ડ, મરીન પોલીસ સહિતની તપાસ એજન્સીઓએ તપાસ ચલાવી રહી છે.

-----------------------------------------------------------------------------------------------